# બારડોલી પાલિકામાં ભાજપમાં 28 નવા ચહેરા

**બેને** પાંચ વર્ષના વિરામ બાદ તક આપી

બારડોલી: બારડોલી નગરપાલિકામાં ભાજપ દ્વારા કુલ 36 બેઠકો પર 6 ઉમેદવારોને રિપીટ, જ્યારે બે ઉમેદવારોને પાંચ વર્ષના વિરામ બાદ ફરીથી ટિકિટ આપવામાં આવી છે. જ્યારે 28 નવા ચહેરાને સ્થાન આપવામાં આવ્યું છે.

બારડોલી નગરપાલિકા માટે ભાજપ દ્વારા સંતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે રિપીટ કરવામાં આવેલા કેટલાક ઉમેદવારોનાં નામ જાહેર થતાં જ તેમના વોર્ડમાં સામાન્ય પ્રજાએ પણ ભારે રોષ ઠાલવ્યો હતો. વોર્ડ નંબર એક માં જીજ્ઞેશ રાઠોડને, વોર્ડ નં.3માં કિંજલ વ્યાસ અને જેનીશ ભંડારીને, વોર્ડ નં.5માં સરોજ પટેલને, વોર્ડ નં.9માં નીલમ વ્યાસ અને શૈલેષ ગામીતને ફરીથી ટિકિટ આપવામાં આવી છે. જ્યારે વોર્ડ નં.7માં રાજેશ પટેલ અને વોર્ડ નં.8માં મિનેશ પટેલને પાંચ વર્ષ બાદ ફરી એક વખત તક આપવામાં આવી છે. આ ઉપરાંત કારોબારી ચેરમેન રહી ચૂકેલા જગદીશ પાટીલની પત્ની અર્ચના પાટીલને પણ વોર્ડ નંબર 4માંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જો કે, બાકીના 28 નવા ચહેરા પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. બારડોલી નગરપાલિકામાં ઉમેદવારોની પસંદગીમાં ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારનો હાથ ઊંચો રહ્યો હોવા અંગે સમગ્ર દિવસ દરમિયાન ચર્ચાનો વિષય બન્યો હતો.

બારડોલી તાલુકા પંચાયતની કુલ 22 બેઠક માટે 67 ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી છે, જ્યારે સુરત જિલ્લા પંચાયતની બારડોલી તાલુકા હસ્તકની 5 બેઠક માટે 18 ફોર્મ ભરાયાં છે. બીજી તરફ, બારડોલી નગરપાલિકાની 36 બેઠકો પર સૌથી વધુ રસાકસી જોવા મળી રહી છે, જ્યાં કુલ 122 ઉમેદવારે મેદાનમાં ઝંપલાવ્યું છે.

**બારડોલી નગરપાલિકા**

| વોર્ડ | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| ૧ | યોગીતાબેન મિસ્ત્રી | સુશીલાબેન શાહ |
| | પાયલ શાહ | નેહા પરમાર |
| | જિજ્ઞેશભાઈ રાઠોડ | જિગરકુમાર ગામિત |
| | કિશોરભાઈ પટેલ | પ્રશાંતકુમાર ભંડારી |
| ૨ | ફાલ્ગુનીબેન ચૌધરી | કેયૂરીબેન ચૌધરી |
| | કોકીલાબેન દેસાઈ | વિમળાબેન સોલંકી |
| | શૈલેષ રાઠોડ | પરેશકુમાર સિંહલ |
| | સારંગ પટેલ | ધર્મેશકુમાર માલવી |
| ૩ | કૃષ્ણાબેન ચૌહાણ | ગીતાબેન કાનાબાર |
| | કેજલ વ્યાસ | રેખાબેન પાલ |
| | જૈનીષ ભંડારી | દિપકગીરી ગોસ્વામી |
| | તેજસકુમાર પટેલ | હેમંતભાઈ દક્ષિણી |
| ૪ | સ્નેહલબેન પંચાલ | સુશીલાબેન શાહ |
| | અર્ચના પાટીલ | નેહા પરમાર |
| | ડો. ભાનવિકાંત ચૌધરી | મલયકુમાર ચૌધરી |
| | ચિંતુભાઈ પટેલ | યોગેન્દ્રગિરિ ગોસ્વામી |
| ૫ | સરોજબેન પટેલ | નિશાબેન ભંડારી |
| | બિનાબેન ભંડારી | સ્વેતા શેટ્ટી |
| | અમરસિંહ સોલંકી | અશ્વિનકુમાર કુલાલ |
| | કૃણાલ પંડ્યા | ચેતન ભંડારી |
| ૬ | ભાવનાબેન પટેલ | કેયૂરીબેન ચૌધરી |
| | દીપિકાબેન ઢોકડિયા | સ્વાતિ પટેલ |
| | દેવાંગ ભંડારી | કાલૂ શાહ |
| | નદીમ એમ. મિસ્ત્રી | અબ્દુલરઉફ રંગરેજ |
| ૭ | કામિનીબેન જોષી | ફરહિનબાનુ શેખ |
| | અંકિતા પટેલ | જયાબેન રાઠોડ |
| | વિપુલકુમાર મૈસુરિયા | ચેતન ભંડારી |
| | રાજેશ પટેલ | ધીરુભાઈ પટેલ |
| ૮ | ઉમાબેન પ્રજાપતિ | શિવાંગી સિંહલ |
| | ભાગશલીબેન પટેલ | ભાગ્યલક્ષ્મી પટેલ |
| | ભરતભાઈ ભરવાડ | અનિલભાઈ રાવળ |
| | નિમેષભાઈ પટેલ | તુષારભાઈ વણકર |
| ૯ | કલ્પનાબેન પટેલ | નિશાબેન ભંડારી |
| | નીલમબેન વ્યાસ | રંજનબેન પારેખ |
| | શૈલેષભાઈ ગામીત | ધવલકુમાર ગામિત |
| | કાવસ પટેલ | સકીલભાઈ પટેલ |

## બારડોલી નગરમાં કોંગ્રેસ પિતા-પુત્ર અને પતિ-પત્નીને અલગ અલગ વોર્ડમાં ચૂંટણી લડાવશે

**બારડોલી** નગરપાલિકામાં ઉમેદવાર નહીં મળતાં કોંગ્રેસનો જુગાડ

બારડોલી: સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ સિવાયના પક્ષોમાં ચૂંટણી લડવા માટે ઉમેદવારો મળવા મુશ્કેલ બની રહ્યા છે. કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં પણ નગરપાલિકાના 9 વોર્ડની તમામ 36 બેઠક પર ઉમેદવારો ઊભા રાખવા માટે રવામાં આવ્યો છે, જેમાં વોર્ડ નં.1ના ઉમેદવાર સુશિલાબેન જિગ્નેશભાઈ શાહ અને નેહાબેન રવિકુમાર પરમારને 4 નંબરમાં પણ ટિકિટ આપવામાં આવી છે. એ રીતે કેયૂરીબેન કવનભાઈ ચૌધરીએ વોર્ડ નં.2 અને વોર્ડ નં.6માં ઉમેદવારી નોંધાવી છે. તો વોર્ડ નં.5ના ઉમેદવાર ચેતનભાઈ વિઠ્ઠલભાઈ ભંડારીને 7 નંબરમાં તેમજ નિશાબેન શશિકાંત ભંડારીને 5 અને 9 નંબરમાં ટિકિટ આપવામાં આવી છે. એટલું જ નહીં એક જ પરિવારમાંથી બબ્બે ઉમેદવાર લઈને પણ તમામ 36 સીટ પર ઉમેદવાર ઊભા રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેમાં વોર્ડ નં.3માં દીપકગિરિ યોગેન્દ્રગિરિ ગૌસ્વામી ચૂંટણી માટે ફોર્મ ભર્યું છે. તો વોર્ડ નં.4માં તેમના પિતા યોગેન્દ્રગિરિ ગૌસ્વામીએ પણ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે વોર્ડ નં.2માં અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક પર પરેશ રણછોડભાઈ સિંહલે ઉમેદવારી કરી છે. તો તેમની પત્ની શિવાંગી સિંહલે વોર્ડ નં.8માંથી ઉમેદવારી નોંધાવી છે. આમ, કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની અછતને પૂરવા માટે વિવિધ પ્રકારના જુગાડ કરવામાં આવતાં નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

## વાંકાનેર બેઠક પર અન્યાયના આક્ષેપ સાથે આદિજાતિ મોરચાના મહામંત્રીનું રાજીનામુ

બારડોલી: સુરત જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ભારતીય જનતા પાર્ટીમાં આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો છે. સુરત જિલ્લા આદિજાતિ મોરચાના મહામંત્રી કિશનભાઈ સુખાભાઈ રાઠોડે પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું ધરી દીધું છે. ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ પ્રદેશ ઉપાધ્યક્ષ અને સુરત જિલ્લા પ્રભારી ગૌતમભાઈ ગેડિયાને સંબોધીને લખેલા પત્રમાં કિશન રાઠોડે પક્ષની 'વહાલા-દવલા'ની નીતિ સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

રાજીનામાના પત્રમાં જણાવ્યા અનુસાર કિશન રાઠોડે ૨૧-વાંકાનેર જિલ્લા પંચાયત બેઠક પરથી સ્થાનિક અને જ્ઞાતિના સમીકરણ મુજબ દાવેદારી નોંધાવી હતી. જો કે, પક્ષ દ્વારા વર્ષોથી સક્રિય કાર્યકરની અવગણના કરીને વિસ્તાર બહારના અને જેઓ પક્ષના કાર્યક્રમોમાં ક્યારેય દેખાયા નથી તેવા ઉમેદવારને ટિકિટ આપવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. કિશન રાઠોડે પક્ષના 'એક પરિવાર એક પદ'ના નિયમનો ભંગ થયો હોવાનું પણ જણાવ્યું છે, કારણ કે પસંદ કરાયેલા ઉમેદવારના ઘરમાં પહેલેથી જ તાલુકા કક્ષાનો હોદ્દો છે. પક્ષના આ ઉદાસીન વલણ અને પાયાના કાર્યકર્તાની અવગણનાને કારણે સ્થાનિક રાજકીય વર્તુળમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## પલસાણામાં ભાજપે મોડી યાદી જાહેર કરતાં છેલ્લા દિવસે ફોર્મ ભરાયાં

પલસાણા: સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શનિવારે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે પલસાણા તાલુકામાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ભાજપના ઉમેદવારો ડીજેના તાલ સાથે ઉમેદવારી નોંધાવવા માટે ચૂંટણી અધિકારીની કચેરી સુધી પહોંચ્યા હતા. પલસાણા તાલુકા પંચાયતની 16 બેઠક અને પલસાણા તાલુકામાં આવતી ત્રણ જિલ્લા પંચાયતની બેઠક માટે પલસાણા મામલતદાર કચેરી ખાતે ફોર્મ ભરવામાં આવ્યાં હતાં. જ્યારે કડોદરા નગરપાલિકાની ચૂંટણી માટેનાં ફોર્મ કામરેજ પ્રાંત કચેરી ખાતે ભરાયાં હતાં. ભાજપ દ્વારા ગત મોડી રાત્રે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. જેને કારણે છેલ્લા દિવસે ઉમેદવારીપત્રો ભરવાની ફરજ પડી હતી. ભાજપ દ્વારા જાહેર થયેલી યાદી બાદ તાલુકા અને કડોદરા નગરમાં અનેક જગ્યાએ કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યકરોની નારાજગી વચ્ચે પણ જેમને ટિકિટની ફાળવણી કરવામાં આવી છે તેઓ પોતાના સમર્થકો સાથે મોટી સંખ્યામાં ઉમેદવારી નોંધાવવા માટે ઊમટી પડ્યા હતા. પલસાણા તાલુકા પંચાયતની 16 બેઠક પર કુલ 52 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે જિલ્લા પંચાયતની ત્રણ બેઠક પર 9 તેમજ કડોદરા નગરપાલિકાની 28 બેઠક માટે 107 ઉમેદવારે ફોર્મ ભરી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. પલસાણા તાલુકા પંચાયતની વરેલી 1 બેઠક ઉપર અન્ય કોઈ પાર્ટીના ઉમેદવારે ભાજપના નેહાબેન રાઠોડ સાથે ઉમેદવારી કરી નથી.

### કડોદરા પાલિકામાં ટિકિટ કપાતાં માજી ડેપ્યુટી સરપંચનું ભાજપમાંથી રાજીનામું

પલસાણા: કડોદરા નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોનાં નામ જાહેર થતાની સાથે જ રાજકીય ગરમાવો જોવા મળે છે. ભાજપે મોડી રાત્રે જાહેર કરેલી યાદીમાં અપેક્ષા મુજબ જ ચલથાણ વિસ્તારના ગ્રામ પંચાયતના માજી ઉપસરપંચ ભોળાભાઈ ભરવાડની ટિકિટ કાપવામાં આવી છે. પોતાની અવગણના થતા રોષે ભરાયેલા ભોળા ભરવાડ મોડી રાત્રે જ સમર્થકોનાં ટોળાં સાથે ભાજપ કાર્યાલય પર ધસી ગયા હતા અને પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું ધરી દીધું હતું અને ભાજપ સામે બ્યૂગલ ફૂંકી ભોળા ભરવાડે હવે વોર્ડ નં.6માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી દીધી છે.

## ટિકિટ ન મળતાં મોતામાં ભાજપ સામે બગાવત: ચૂંટણી બહિષ્કારની ચીમકી

**ગામના** ઉમેદવારની અવગણના કરાતાં સ્થાનિક મતદારોમાં ભારે આક્રોશ

બારડોલી: સુરત જિલ્લા ભાજપમાં ઉમેદવારોના નામની જાહેરાત થતાની સાથે જ આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. ખાસ કરીને સુરત જિલ્લા પંચાયતની બાબેન બેઠક પર મોતા ગામના ઉમેદવારની અવગણના કરવામાં આવતાં સ્થાનિક મતદારોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગઈકાલે મોડી રાત્રે ટિકિટોની જાહેરાત થયા બાદ મોતા ગામમાં સ્થિતિ તંગ બની હતી. ગામના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનોનો આક્ષેપ છે કે બાબેન બેઠક પર વર્ષોથી મોતા ગામની સતત અવગણના કરવામાં આવે છે અને દર વખતે સ્થાનિક ઉમેદવારને અન્યાય થાય છે. રોષે ભરાયેલા મતદારોએ આ વખતે આક્રમક વલણ અપનાવતા ચીમકી ઉચ્ચારી છે કે, ગામમાં ભાજપના કોઈપણ નેતાને પ્રવેશવા દેવામાં આવશે નહીં. એટલું જ નહીં, જો પક્ષ દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરવાની તૈયારી પણ દર્શાવી છે. એકતરફ ભાજપ જીતના દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ પાયાના ગણાતા ગામડાંમાં જ ઊઠેલો આ વિરોધનો વંટોળ આગામી દિવસોમાં પક્ષ માટે મુશ્કેલી ઊભી કરી શકે તેમ છે.

# તાપી જિલ્લામાં 188 બેઠક ઉપર 717 ફોર્મ ભરાયાં

**વ્યારા** નગર પાલિકાની 7 વોર્ડની 28 બેઠક પર 88 ફોર્મ ભરાયાં

**વોર્ડ** નં.5માં ભાજપ સિવાય કોઈ ઉમેદવારોએ ફોર્મ ન ભરતાં ચારેય બેઠક બિનહરીફ થવાની સંભાવના

વ્યારા: તાપી જિલ્લામાં વ્યારા પાલિકા સહિત તાલુકા-જિલ્લાની કુલ 188 બેઠકની ચૂંટણી માટે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી પક્ષનાં ઉમેદવારો સહિત અન્ય મળી કુલ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. 13મી એપ્રિલે ફોર્મ ચકાસણી કરવામાં આવશે તેમજ 15મી એપ્રિલે જે-તે ઉમેદવારો ફોર્મ ખેંચશે. ત્યારબાદ કોણ કોની સામે ચૂંટણી મેદાનમાં ઊતરશે તે નક્કી થશે.

વ્યારા નગર પાલિકામાં 7 વોર્ડમાં 28 બેઠક પર ચૂંટણી લડવા માટે વ્યારા નગરમાંથી કુલ ફોર્મ ભરાયાં હતાં, જેમાં વોર્ડ નં.૫ના ઉમેદવારોના હારતોરા કરાયા હતાં. વોર્ડ નં.૫માં ભાજપના ઉમેદવારો અને તેમના ડમી ઉમેદવારોના માત્ર ફોર્મ ભરાતાં ભાજપે વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નારા બોલાવ્યા હતા. જો કે, સત્તાવાર સરકારી જાહેરાત ન થઈ હોવા છતાં જિલ્લા સંગઠન પ્રભારીએ વોર્ડ નં.૫ની ચારેય બેઠકો બિનહરીફ થઈ હોવાનો દાવો કર્યો હતો.

તાપી જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના પણ નામાંકન ફોર્મ ભરાઈ ચૂક્યાં છે. જો કે, પક્ષપલટો કરીને આવેલા વ્યારા શહેર કોંગ્રેસના નેતા અને વ્યારા પાલિકાના પૂર્વ વિપક્ષી નેતા નીરવ અદર્યુને ભાજપમાં જોડાતાંની સાથે જ વોર્ડ નં.1માંથી ટિકિટ આપતાં ભાજપનાં આંતરિક વર્તુળમાં ભારે ઉહાપોહ થતાં પક્ષપલટો કરીને આવનાર નીરવ અદર્યુની ઉમેદવારી રદ કરી દેવામાં આવી હતી. જેના સ્થાને અન્ય ઉમેદવારને ટિકિટ આપતાં નીરવ અદર્યુની ન ઘરના કે ઘાટના જેવી સ્થિતિ સર્જાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વ્યારા નગરપાલિકાના વોર્ડ નં.૧માં ભાજપના ઉમેદવાર બદલાયા હતા. ભાજપે કોંગ્રેસમાંથી આવેલા નીરવ અદર્યુના બદલે જૂના કાર્યકર મુશર્રફ અબ્દુલરઝાક કુરેશીને મેદાનમાં ઉતારાયા છે. તાપી જિલ્લા પંચાયતની કુલ 26 બેઠકો પૈકી વ્યારા તાલુકાની 5 બેઠકો પરથી 23, વાલોડ તાલુકાની 3 બેઠક પરથી 17, ઉકાઇ તાલુકાની 3 બેઠક માટે 16, નિઝર તાલુકામાં જિલ્લા પંચાયતની 3 બેઠકના 13, જ્યારે કુકરમુંડાની 2 બેઠક 9 ફોર્મ ભરાયાં હતાં. જિલ્લા પંચાયતની કુલ 26 બેઠક પર 100 જેટલા ઉમેદવારોએ ફોર્મ ભર્યાં હતાં.

ઉપરાંત જિલ્લામાં વાલોડ તા.પં.ની 16 બેઠકની ચૂંટણી માટે 72, ઉકાઇ તા.પં.ની 16 બેઠકની ચૂંટણી માટે 72, વ્યારા તા.પં.ની કુલ 20 બેઠકની ચૂંટણી માટે 76, નિઝર તા.પં.ની 16 બેઠક માટે 77, ડોલવણ તા.પં.ની 16 બેઠક પર 57, કુકરમુંડા તા.પં.ની 16 બેઠક માટે 45 તેમજ સોનગઢ તા.પં.ની 18 બેઠક માટે 68થી વધુ ફોર્મ અને ઉચ્છલ તા.પં.ની 16 બેઠકની ચૂંટણી માટે 68 જેટલાં ફોર્મ ભરાયાં હતાં. વ્યારા નગર પાલિકામાં 7 વોર્ડમાં 28 બેઠક માટે 42 ફોર્મ ભરાયાં હતાં, જેમાં આપમાંથી છૂટાછવાયા 10 જેટલા ઉમેદવારોએ ફોર્મ ભર્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારા નગર પાલિકાના વોર્ડ નં.૫માં ભાજપના ઉમેદવારો સામે કોઈ મેદાનમાં નહીં ઊતરતાં આખી પેનલ બિનહરીફ નીકળી અને અન્ય કેટલાક ઉમેદવારો બિનહરીફ થાય એવી શક્યતા રહેલી છે.

# ટિકિટ કપાતા જ ભડકો: વાલોડમાં પક્ષ નિષ્ઠા સામે બગાવતના સૂર

**મોરદેવીમાં** ભાજપના કેવસિંગભાઈએ અપક્ષનું શસ્ત્ર ઉગામ્યું, કાર્યકરોમાં ભારે રોષ

વાલોડ: વાલોડ તાલુકા પંચાયતની બેઠકો પર ઉમેદવારીપત્ર તો ભરાયા છે, પરંતુ ફોર્મ ચકાસણી કર્યા બાદ ફોર્મ ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થશે અને ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામશે. વાલોડ તાલુકાની મહદંશે તમામ બેઠકો ઉપર ભાજપ, કોંગ્રેસ અને આપનો ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. માત્ર બે બેઠકો ઉપર અપક્ષ દ્વારા દાવેદારી કરવામાં આવી છે. જ્યારે તમામ બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને આપના ઉમેદવારોએ ફોર્મ ભર્યાં છે, કુલ 16 બેઠક માટે 72 ઉમેદવારમાંથી 2 ઉમેદવાર અપક્ષ ઊભા રહ્યા છે, જેમાં મોરદેવી સીટ પર અને રાનવેરી સીટ પર એક-એક ઉમેદવારોએ અપક્ષ તરીકે દાવેદારી કરી છે.

વાલોડ તાલુકા પંચાયતની મોરદેવી બેઠક પર જોસેફ ગામીતની ભાજપનું મેન્ડેડ આવતાં ભાજપ સાથે વરાયેલા વર્ષો જૂના કાર્યકર કેવસિંગભાઈએ અપક્ષ ઉમેદવારી કરી છે. આ જ રીતે તાપી જિલ્લા કોંગ્રેસના મહામંત્રી બીલાલ બાંગીએ વાલોડ જિલ્લા પંચાયતની બેઠક પરથી દાવેદારી કરી હતી, પરંતુ આ સીટ ભરતભાઈ વર્મા કે જેઓ દેલવાડાના વતની છે અને તેમના પત્ની મધુબેન વર્મા માજી જિલ્લા પંચાયત સભ્ય હતાં, કોંગ્રેસ દ્વારા જિલ્લા પંચાયતની વાલોડ બેઠક પર ભરતભાઈ વર્માની પસંદગી કરતાં બીલાલ બાંગીના સમર્થકોમાં અને ખાસ કરીને મુસ્લિમ સમાજમાં નારાજગીનું વાતાવરણ ઊભું થયું હોવાથી આખર સુધી બીલાલ બાંગીએ કોંગ્રેસ પક્ષના મેન્ડેટ માટે રાહ જોઈ હતી. કહે છે કે, એક સમય વાલોડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતિષભાઈ ચૌધરીને બીલાલ બાંગીના સમર્થકોએ મેન્ડેટ માટે આડે હાથ લેતાં મામલતદાર કચેરી છોડી ગયા હતા.

બીલાલ બાંગીને તેમની 25 વર્ષ સુધી કોંગ્રેસ પક્ષને વરેલા હોય તેમને લાગી આવ્યું હતું, આ જ રીતે વાલોડ-3 નંબર સીટ ઉપર કોંગ્રેસે આખર સુધી મેન્ડેડ બહાર ન પાડતાં કોંગ્રેસના મુસ્લિમ કાર્યકરો દ્વારા અંકિત પટેલને અપક્ષના ફોર્મ ભરાવાની તૈયારી બતાવી હતી. આખરે કોંગ્રેસે અંકિત પટેલના નામનો મેન્ડેડ આપતાં મુસ્લિમ કાર્યકરોનો ગુસ્સો શાંત પાડવામાં અંશતઃ સફળતા મળી હતી અને અંકિત પટેલે કોંગ્રેસ પક્ષમાં વાલોડ-3 બેઠક પરથી ઝંપલાવ્યું હતું.

# માંડવી નગરપાલિકામાં 6 વોર્ડની 24 બેઠક માટે 68 ફોર્મ ભરાયાં

માંડવી: માંડવી નગરપાલિકા ચૂંટણીને લઈ સ્થાનિક રાજકીય માહોલ ગરમાયો છે. 1થી 6 વોર્ડની કુલ 24 બેઠક માટે ઉમેદવારી નોંધાવવાનો જોરદાર ઉત્સાહ જોવા મળ્યો છે. ડમી ઉમેદવારો સહિત દરેક પક્ષ મળી કુલ 68 ઉમેદવારી ફોર્મ ભરાતાં ચૂંટણી રસપ્રદ બની છે.

ભાજપ દ્વારા 24 સત્તાવાર ઉમેદવાર સાથે 14 ડમી ઉમેદવાર મળી કુલ 38 ફોર્મ ભરાયાં છે. જ્યારે કોંગ્રેસે દરેક વોર્ડમાં ચાર ઉમેદવાર ઊતરતાં કુલ 6 વોર્ડમાં 24 ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીએ વોર્ડ નં.5 અને 6માં મળી કુલ 3 ઉમેદવાર ઊભા કર્યા છે. તેમજ અપક્ષ તરીકે વોર્ડ નં.1, 2 અને 4 મળી કુલ 3 ઉમેદવારે દાવેદારી નોંધાવી છે.

ચૂંટણીમાં કેટલાંક રસપ્રદ રાજકીય સમીકરણો પણ સામે આવ્યાં છે. વોર્ડ નં.6માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાજમીન ચૌધરી અગાઉ ભાજપના કોર્પોરેટર રહી ચૂક્યા છે, પરંતુ આ વખતે ટિકિટ ન મળતાં પક્ષ બદલીને ચૂંટણી મેદાનમાં ઊતર્યા છે. બીજી તરફ વોર્ડ નં.2માં અપક્ષ ઉમેદવાર મનીષ શાહ અગાઉ ભાજપમાંથી ટિકિટ ન મળતાં અપક્ષ તરીકે ચૂંટણી લડી જીત મેળવી ચૂક્યા છે અને આ વર્ષે ફરી અપક્ષ તરીકે જ દાવેદારી નોંધાવી છે. આ પરિસ્થિતિને કારણે સ્થાનિક સ્તરે રાજકીય ગરમાવો વધ્યો છે અને ભાજપ સામે આંતરિક અસંતોષ પણ સપાટી પર આવી રહ્યો છે. આગામી દિવસોમાં પ્રચાર જોર પકડતાં ચૂંટણી વધુ રસપ્રદ અને ટક્કરભરી બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# કડોદરા નગરપાલિકાના 28 ઉમેદવારમાંથી 8 ઉમેદવાર રિપીટ

પલસાણા: કડોદરા નગરપાલિકાની આગામી ચૂંટણી માટે ભાજપ દ્વારા 7 વોર્ડના 28 ઉમેદવારની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં જિલ્લા ભાજપ મહામંત્રી અંકુર દેસાઈનો નિર્ણય નિર્ણાયક સાબિત થયો હોય તેમ જણાય છે. ખાસ કરીને પલસાણા તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો પર પણ તેમની પસંદગીના ઉમેદવારોનું પલ્લું ભારે રહ્યું છે. નગરપાલિકાના કુલ 28 ઉમેદવારમાંથી 8 ઉમેદવારને રિપીટ કરવામાં આવ્યા છે. વોર્ડ નં.1માં જૂના જોગીઓ પર ભરોસો મૂકી ચારેય ઉમેદવારોને રિપિટ કરાયા છે, જેમાં સંતોષબેન યાદવ, કૌશલ્યાબેન માળી, માજી પ્રમુખ કલ્પેશભાઈ ટેલર અને ધનંજય ઝાનો સમાવેશ થાય છે. વોર્ડ નંબર 2માંથી રશ્મીબેન ઢીમ્મર અને અનિલકુમાર સિંગને ફરી તક અપાઈ છે. આ ઉપરાંત, વર્તમાન પ્રમુખ નારાયણદેવીના પતિ વિરેન્દ્ર શર્મા અને સ્વ. આનંદભાઈ પાટીલના પત્ની સરલાબેન પાટીલને ટિકિટ આપી નવાં સમીકરણો સેટ કરવામાં આવ્યાં છે. બીજી તરફ ગત ટર્મમાં વિજેતા થયેલા રાજન સિદ્દીકી સહિતના લઘુમતી ઉમેદવારોની ટિકિટ નવી વોર્ડ રચનાનાં કારણોસર કાપી નાંખવામાં આવી છે.


Milano MULTIPLEX

બારડોલી

Dhurandhar The Revenge

11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૩૧/૨૦૨૬

તા.૧૧/૦૩/૨૦૨૬

વાદી :- રેખાબેન ઠાકોરભાઈ પટેલની પુત્રી તે સમીરભાઈ પટેલની પત્ની, રહે.૧૦, સાઈ વિલા ડુપ્લેક્ષ, એમ.કે.અમીન કોલેજ પાસે, પાદરા, વડોદરા-૩૯૧૪૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કોસંબા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રેખાબેન ઠાકોરભાઈ પટેલની પુત્રી તે સમીરભાઈ પટેલની પત્ની, રહે.૧૦, સાઈ વિલા ડુપ્લેક્ષ, એમ.કે.અમીન કોલેજ પાસે, પાદરા, વડોદરા-૩૯૧૪૪૦એ તેઓના પોતે રેખાબેન ઠાકોરભાઈ પટેલના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રેખાબેન ઠાકોરભાઈ પટેલ ૨. જન્મ તારીખ: ૧૮/૧૧/૧૯૮૧ ૩. જન્મનું સ્થળ: મોજે.કોસંબા, તા.માંગરોળ, જી.સુરત.

સબબ, ઉપરોક્ત વિગતે રેખાબેન ઠાકોરભાઈ પટેલના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમા દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)

સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ**

પર્યાવરણ ભવન, સેકટર ૧૦ એ, ગાંધીનગર ૩૮૨૦૧૦
ટેલી. ૦૭૯-૨૩૨ ૩૨૧૫૨ • ફેકસ ૦૭૯-૨૩૨૨૨૭૮૪
www.gpcb.gujarat.gov.in

**જાહેર સૂચના**

ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરીવર્તન મંત્રાલય, નવી દિલ્હીના જાહેરનામા ક્રમાંક: એસ.ઓ. ૧૫૩૩(ઇ) તા. ૧૪.૯.૨૦૦૬ અન્વયે જણાવવાનું કે **મેસર્સ નૌયાન શિપયાર્ડ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ગામ: જાગેશ્વર, તા. વાગરા, જી. ભરૂચ ખાતે પ્રસ્તાવિત નૌયાન શિપયાર્ડ સુવિધામાં ફેરફારો અને વિસ્તરણ** માટેની પરીયોજના પ્રોજેક્ટ કેટેગરી **"એ"** અંતર્ગત તેઓની અરજી અન્વયે પર્યાવરણીય લોકસુનાવણી આયોજીત કરવામાં આવે છે.

લોકસુનાવણીની પ્રક્રીયાના ભાગરૂપે લાગતા વળગતા સ્થાનિક અસરગ્રસ્ત લોકોનું ધ્યાન દોરીને સદર લોકસુનાવણી દરમિયાન હાજર રહેવા અથવા તેઓની ટીકા-ટિપ્પણી લેખિતમાં પર્યાવરણ સુનાવણીની તારીખ પહેલા સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલવા વિનંતી છે.

રસ ધરાવતી અન્ય વ્યક્તિઓને પણ તેઓની ટીકા-ટિપ્પણી પર્યાવરણ સુનાવણીની તારીખ પહેલા લેખિતમાં સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપવા વિનંતી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રોજેક્ટના ઈઆઈએ (એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસ્સેસમેન્ટ) અહેવાલના મુસદ્દાની પ્રત તથા એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસ્સેસમેન્ટનો સંક્ષિપ્ત અહેવાલની પ્રત નીચે દર્શાવેલ ઓથોરિટી/કાર્યાલયો ખાતે કામકાજના દિવસો દરમિયાન લોક-સુનાવણીના દિન સુધી નિહાળી શકાશે.

૧. જિલ્લા કલેકટરશ્રીની કચેરી, **ભરુચ.**
૨. જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, **ભરુચ.**
૩. જિલ્લા ઉધોગ કેન્દ્ર, **ભરુચ.**
૪. તાલુકા વિકાસ અધિકારીની કચેરી, **તા. વાગરા, જી. ભરુચ.**
૫. પ્રાદેશિક અધિકારીશ્રી, ઇન્ટીગ્રેટેડ પ્રાદેશિક કચેરી, પર્યાવરણ, વન અને જળવાયુ પરીવર્તન મંત્રાલય, કર્મયોગી ભવન, બ્લોક- ૩, એફ-૨ વિંગ, પમો માળ, ચ-૩ સર્કલ નજીક, સેકટર-૧૦ એ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦.
૬. **પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ભરૂચ, પ્લોટ નં. ડી-૨/પી/૨૧/૧, જીઆઇડીસી, દહેજ-૨, ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તા. વાગરા, ભરૂચ-૩૯૨૧૩૦.**

જિલ્લા કલેકટર/જિલ્લા મેજીસ્ટેટ/ડેપ્યુટી કમિશ્નર અથવા તેઓના/તેણીના પ્રતિનિધિ કે જેઓ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી નીચેના હોદ્દાના ના હોય અથવા આ બાબતે તેઓ/તેણી દ્વારા અધિકૃત કોઇ અન્ય જીલ્લા કક્ષાના અધિકારીશ્રી સદર લોકસુનાવણીની પ્રક્રીયાની દેખરેખ અને અધ્યક્ષતા કરશે.

(**નોંધ:**- જો કોઇ પરિયોજના કે પ્રવૃતિ એક પેટા વિભાગના પ્રાદેશિક અધિકારક્ષેત્ર સુધી મર્યાદિત હોય તો, જિલ્લા કલેકટર/જિલ્લા મેજીસ્ટેટ/ડેપ્યુટી કમિશ્નર સદર લોકસુનાવણીની પ્રક્રીયાની દેખરેખ અને અધ્યક્ષતા માટે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટના દરજ્જાથી નીચેના ના હોય તેવા કોઈ પણ અધિકારીને વૈકલ્પિક રીતે અધિકૃત કરી શકશે).

લોકસુનાવણીની **તા. ૧૫/૦૫/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે, સ્થળ: મેસર્સ નૌયાન શિપયાર્ડ પ્રાઇવેટ લિમિટેડની પ્રોજેક્ટ સાઇટ પર, જીઆઇડીસી પ્લોટ # ૩૯+૪૦/૧+૨, ગામ: જાગેશ્વર, તા. વાગરા, જી. ભરૂચ** ખાતે આયોજીત કરવામાં આવે છે.

**કોરોના વાયરસની વૈશ્વિક મહામારીને ધ્યાને રાખી સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ માર્ગદર્શિકાનું પાલન કરવા લગતા વળગતા સૌને જણાવવામાં આવે છે.**

**સ્થળ: ગાંધીનગર** — **ડી. એમ. ઠાકર**
**તારીખ: ૧૧/૦૪/૨૦૨૬** — **સભ્ય સચિવ**